# આદિવાસી મહિલામાં શિક્ષણના વિકાસની સમસ્યા અને પડકારો

ડૉ. પરેશ આર. પટેલ
અધ્યાપક,
આર્ટસ્ કોલેજ, અંદ્રોખા
તા. વિજયનગર (સા.કાં)

1. પ્રસ્તાવના

આદિવાસી જાતિઓ ભારતમાં સૌથી પ્રાચીન રહેવાસી છે. તેઓ જે તે પ્રદેશના સામાજિક માળખાનો ભાગ હોવા છતાં હિંદુઓની જ્ઞાતિવ્યવસ્થાના માળખામાં તેમનો સમાવેશ થતો નથી. તેઓ દુર્ગમ જંગલો અને પહાડોમાં અલગ રહે છે. જે થોડી જાતિઓ મેદાનમાં વસેલી તેઓ પણ અન્ય સમૂહોથી અલગ રહેતી હતી. આ આદિવાસી જાતિઓ અલગ સામુદાયિક જીવન જીવતી હતી. અને તેમનું સામાજિક જીવન અને સંસ્કૃતિ અન્ય સામાજિક સમૂહોથી ભિન્ન હતાં. તેઓની આર્થિક સ્થિતિ ખુબ નબળી હતી. ભારતીય સમાજનો આ એક સામાજિક સમૂહ અન્ય સામાજિક સમૂહોથી અલગ પડી જવાથી, સદીઓથી તેમનું મોટાભાગનું સામાજિક હક્કોથી વંચિત રહેવાથી તેઓ પોતાની જાતે પોતાનો વિકાસ સાધવા અસમર્થ બન્યા હતાં. અને તેમનો વિકાસ સ્થગિત થઈ ગયો હતો. આથી આ સમૂહનો સર્વાંગી વિકાસ કરવા તથા અન્ય વિકસિત સમૂહોની સમકક્ષ લાવવા માટે ભારતીય બંધારણમાં કેટલીક વિશિષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે. આ સંદર્ભમાં પ્રસ્તુત પ્રકરણમાં નબળા સમૂહો માટેની જોગવાઈઓ વિશે તો અગાઉના પ્રકરણમાં ચર્ચા કરી છે. માટે અહીયા કેવળ અનુસૂચિત જનજાતિઓ માટેની વિશેષ જોગવાઈઓ અને તેમના અન્ય વિકાસના પાસાંઓ વિશે સમજીશું.

શિક્ષણની જવાબદારી કેન્દ્ર અને રાજ્ય રાજ્ય એમ બંને સરકારોની છે. જેમાં કેન્દ્ર નિયંત્રિત શિક્ષણ સંસ્થાઓમાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે 7.5% બેઠકો ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત રાખવામાં આવે છે. કેન્દ્રની યુનિવર્સિટી, આઈ. ટી. આઈ. રીજિયોનલ એન્જિનિયરીંગ કોલેજો તથા કેન્દ્રિય વિદ્યાલયોમાં અનામત નીતિ લાગુ કરવામાં આવી છે. દરેક રાજ્યમાં પણ અનામત નીતિ છે. જેમાં ગુજરાતમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે 15% બેઠકો અનામત રાખવામાં આવે છે. તેમજ પ્રવેશ લાયકાતમાં પણ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે પણ 5%ની છુટછાટ આપવામાં આવે છે. ઉપરાંત આદિજાતિના પ્રતિભાવાન વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે સહાય કરવામાં આવે છે.

1991ની વસ્તી ગણતરી અનુસાર ભારતની અનુસૂચિત જાતિઓની કુલ વસ્તીમાં 30% શિક્ષિતો છે. જેમાં 40% થી વધુ પુરૂષોઅને 18%થી વધુ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. જે 1981ની તુલનાએ 13%નો વધારો દર્શાવે છે. આ ઉપરાંત આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ, છોકરા-છોકરી માટેના છાત્રાલયો, આદિમ જાતિ માટે ખાસ વિકાસ યોજનાઓ, આદિવાસી પેટા યોજના હેઠળ આશ્રમશાળાઓ, નીચી સાક્ષરતાવાળા આદિવાસી વિસ્તારોમાં કન્યા કેળવણી માટેના કાર્યક્રમો વગેરે દ્વારા શિક્ષણ વિકાસના પ્રયત્નો થાય છે. પરંતુ

અનુસૂચિત જાતિઓની સરખામણીમાં અનુસૂચિત આદિજાતિઓમાં શિક્ષણનું નીચુ પ્રમાણ રહ્યુ છે. તેમજ આદિજાતિ માટેના શૈક્ષણિક કાર્યક્રમોને સફળતા ઓછી મળી છે. આમ છતાં અનામત અને શૈક્ષણિક વિકાસ કાર્યક્રમોથી તેઓમાં સામાજિક ગતિશિલતા અને સામાજિક જાગૃતિમાં વધારો થયો છે.

2. આદિવાસી મહીલાઓમાં શિક્ષણ

દેશની 80 ટકા વસ્તી ગામડામાં રહે છે. ગ્રામિણ અને આદિવાસી મહિલાઓ હજુ પણ નિરક્ષરતા અને અજ્ઞાનતાના ઘોર અંધકારમાં અટવાઈને બદતર જીવન જીવી રહી છે. આઝાદી પછી સ્ત્રી-શિક્ષણનો વિકાસ થયો તેનો લાભ શહેરી સ્ત્રીઓને મળ્યો છે. ગ્રામ્યસ્તરે આદિવાસી સમુદાયની સ્ત્રીઓ અજ્ઞાન અને અંધશ્રધ્ધાના વમળમાં દબાતી. સમાજના રિવાજો અને પરંપરાઓને કારણે શિક્ષણમાં આગળ આવી નથી. ગ્રામિણ આદિવાસી સ્ત્રીઓ શૈક્ષણિક દ્રષ્ટિએ પછાત છે. તેઓનો છેલ્લા ચાર દાયકાનો સાક્ષરતા દર મુજબ છે.

અનુસૂચિત જનજાતિમાં સાક્ષરતા પ્રમાણ

| વર્ષ | ભારતમાં સાક્ષરતા દર | અનુસૂચિત જનજાતિમાં સાક્ષરતા દર | ગુજરાતમાં સાક્ષરતા દર | અનુસૂચિત જનજાતિમાં સાક્ષરતા દર |
|---|---|---|---|---|
| 1961 | 24.00 | 08.53 | 30.45 | 11.69 |
| 1971 | 29.45 | 11.30 | 35.79 | 14.12 |
| 1981 | 36.23 | 16.35 | 43.70 | 21.14 |
| 1991 | 52.21 | 29.60 | 51.15 | 29.67 |
| 2001 | 64.84 | 59.17 | 69.14 | 36.02 |

ઉપરોક્ત આંકડાઓ પર દ્રષ્ટિપાત કરતાં જણાય છે કે ભારતમાં અને ગુજરાતમાં સાક્ષરતા દરમાં દરેક દાયકામાં વધારો જોવા મળે છે. તે જ ધીરે ધીરે વધારે જોવા મળે છે.

આઝાદી પછી આદિવાસી લોકોના આર્થિક અને સામાજિક વિકાસ અર્થે સરકારે ઉચ્ચ શિક્ષણની ભૂમિકા ઉપર ભાર મૂક્યો તેના પરિપાકરૂપે શિક્ષણ દરમાં સુધારો જોવા મળ્યો છે.

ગુજરાતમાં આદિવાસી સ્ત્રીઓના શૈક્ષણિક વિકાસ અંગેની માહિતી નીચે પ્રમાણે છે.

આદિવાસી સ્ત્રીઓના શૈક્ષણિક વિકાસની માહિતી

| વર્ષ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1961 | 41.13 | 19.10 | 30.45 | 19.06 | 40.03 | 11.69 |
| 1971 | 46.11 | 24.75 | 35.79 | 21.83 | 06.15 | 14.12 |
| 1981 | 54.44 | 32.30 | 43.70 | 30.41 | 11.64 | 21.14 |
| 1991 | 60.99 | 40.62 | 51.15 | 39.37 | 19.65 | 29.67 |
| 2001 | 82.56 | 57.58 | 70.50 | 59.18 | 36.02 | 47.74 |

ઉપરના આંકડાઓ પરથી જણાય છે કે પુરૂષની તુલનામાં સ્ત્રી શિક્ષણની ટકાવરી નીચી છે. આદિવાસીઓમાં પણ પુરૂષ અને સ્ત્રી શિક્ષણની ટકાવારીમાં વિષમતા જોવા મળે છે. આદિવાસી વિસ્તારમાં શિક્ષણ સંસ્થાઓ 1961માં બહુ જ ઓછી હતી ત્યાર પછી શૈક્ષણિક સંસ્થાઓનો વિકાસ થાય તેની સાથે શિક્ષણનો પણ ફેલાવો થયો. આને કારણે આદિવાસી સ્ત્રીઓના અક્ષરજ્ઞાનમાં ઉત્તરોતર વધારો જોઈ શકાય છે. તેને પરિણામે શૈક્ષણિક વિકાસમાં નોંધપાત્ર સુધારો થયો છે. આ ઉપરાંત આદિવાસી વિકાસ કાર્યક્રમમાં શિક્ષણને વધુ મહત્વ આપવામાં આવ્યું. તેની સાથે સાથે કેટલીક પ્રોત્સાહક યોજનાઓનો અમલ કરવામાં આવ્યો હોવાથી સાક્ષરતાના દરમાં સુધારો જોવા મળ્યો છે. શિક્ષણને આર્થિક પરિબળો સાથે સીધો સબંધ હોવાથી ઘણા આદિવાસીઓએ પોતાની દિકરીઓને અભ્યાસ કરાવવાનું વલણ વિકસાવ્યું છે.

આશ્રમશાળાઓની સ્થાપના થવાને કારણે આદિવાસી સમુદાયમાં શિક્ષણ પ્રત્યે અભિમુખતા જાગી છે. આદિવાસી કન્યા અને કુમારોને મફત શિક્ષણની સાથે મફત રહેવાની સુવિધા, શિષ્યવૃત્તિ વગેરે પુરા પાડવામાં આવે છે. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ માટે ઉત્તર બુનિયાદી શાળાની રચના કરવામાં આવી છે. તેમાં પણ મફત શિક્ષણ, મફત રહેવાની સુવિધા અને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ગુજરાતમાં પંચમહાલ, વલસાડ, સુરત જેવા આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ સુવિધામાં સુધારો થયો છે. છેલ્લે બે દાયકામાં આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. પરંતુ જોઈએ તેવું સંતોકારક નથી.

આમ છતાં કરૂણ દશા તો એ છે કે રાજ્યમાં 80-ટકા આદિવાસી સ્ત્રીઓ નિરક્ષર છે. શિક્ષણ પ્રાપ્ત કરવું તે માનવીનાં મૂળભૂત અધિકાર હોવા છતાં હજારો આદિવાસી કન્યાઓ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે શાળામાં પ્રવેશ મેળવતી નથી. અને જો પ્રવેશ પ્રાપ્ત કરે તો અધવચ્ચેથી છોડી દે છે. 6 થી 14 વર્ષના તમામ બાળકો માટે મફત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ બનાવ્યું છે. છતાં પણ જોઈએ તેવી પ્રગતિ થઈ નથી. આ માટે રાજ્ય સરકારે પ્રાથમિક શિક્ષણને ફરજિયાત બનાવવા માટે પ્રામાણિક પ્રયત્ન કર્યો હોય તેવું લાગતું નથી. શિક્ષણનું બજેટ, શિક્ષકોની ઉણપ, પર્યાપ્ત શૈક્ષણિક સુવિધાનો અભાવ વગેરે પરિબળો અગત્યનો ભાગ ભજવે છે.

સમાજમાં દિકરા-દિકરી પ્રત્યે ભેદભાવ, સમાજના રીતિ રિવાજો, રૂઢિઓ, પરંપરાઓ, બંધનોમાં જોઈએ તેવું પરિવર્તન આવ્યું નથી. શિક્ષણ આપવાની બાબતમાં છોકરી પાછળ છોકરા જેટલું ખર્ચ કરવામાં આવતું નથી. ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોમાં છોકરીઓ સાત ધોરણ ભણવા જાય તે વાલીને ગમતું નથી. પરિણામે છોકરીઓ અભ્યાસ છોડી દે છે. એટલે કે છોકરીઓના અભ્યાસમાં સ્થગિતતા અને સ્થિરતા આવી જાય છે. શિક્ષણના હક્કોથી છોકરીઓ વંચિત રહી જાય છે. કદાચ છોકરાઓને બીજે ગામ અભ્યાસ કરવા મોકલે છે. પણ છોકરીઓને મોકલતા નથી. અહીં સ્ત્રી-પુરૂષ વચ્ચે અસમાનતા જોવા મળે છે. ગુજરાતના મોટાભાગના આદિવાસી સમુદાયો પોતાની છોકરી ગામમાં જ શિક્ષણ લે એવી ઈચ્છા ધરાવે છે. બહુ જ ઓછા લોકો છોકરીઓને ઉચ્ચ અભ્યાસ માટે બહાર મોકલે છે. જે છોકરીઓ ભણીને આગળ આવી છે તેઓ કોઈને કોઈ પ્રકારની નોકરી કરવા લાગી છે. એટલું જ નહી પોતાના બાળકોના શિક્ષણમાં રસ લેતી થઈ છે. અશિક્ષિત આદિવાસી સ્ત્રીઓ મજુરી કરવા સિવાય બીજુ કશુ કરતી નથી. બાળકોના શિક્ષણમાં પણ રસ લેતી નથી. આ બાબતે ઉપેક્ષા સેવેછે. ગ્રામિણ આદિવાસી સ્ત્રીઓ ઉઠે ત્યાંથી રાત્રે સુએ ત્યાં સુધી બધાની પરવરિશ કરતી રહે છે. તેને લીધે શિક્ષણ માટે સમય ફાળવી શક્તી નથી.

3. અનુસૂચિત જનજાતિ માટે અનામત નીતિ અને વિકાસ

આજનાસ્પર્ધાત્મક યુગમાં અનુસૂચિત જનજાતિઓને દરજ્જા અને તકની પ્રાપ્તિમાં રક્ષણ પૂરૂ પાડવા અને વિકાસની તકો પૂરી પાડવા શિક્ષણ, નોકરી અને રાજકારણમાં અનામત નીતિ દાખલ કરવામાં આવી છે. આ ઉપરાંત તેઓના વિકાસા માટે ખાસ કાર્યક્રમો અને યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આદિજાતિઓ સામાજિક વિષમતા, અસમાનતા, ભેદભાવ, શોષણ, અન્યાય, વગેરેમાંથી મુક્ત બને અને તેઓના સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય રીતે સંતુલીત વિકાસ થાય તે હેતુથી અનામત દાખલ કરવામાં આવી છે. જો કે અનામત એ કાયમી વ્યવસ્થા નથી. સમય જતાં જ્યારે સમાનતા સ્થપાશે અને અસમાનતાનું નિર્મૂલન થશે ત્યારે અનામત નીતિ નાબૂદ થશે. જો કે વર્તમાન સમયમાં વારંવારના બંધારણીય સુધારા દ્વારા તે લંબાવવામાં આવી છે.

3.1 અનુસૂચિત જનજાતિ માટે શિક્ષણમાં અનામત અને વિકાસ

માનવ સંશાધન (Human Resource) ના વિકાસમાં શિક્ષણ મહત્વનું પરિબળ છે. આદિવાસીઓમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ હોવાથી ગરીબી, શોષણ જેવી સમસ્યાઓમાંથી મુક્ત બની વિકાસ સાધવાનો મૂલાધાર શિક્ષણ છે. આ ઉપરાંત શિક્ષણ દ્વારા તેમનામાં વિજ્ઞાન, ટેકનોલોજી કે આર્થિક, રાજકીય ક્ષેત્રની જાણકારી પહોંચાડી શકાય.

કુદરતી સંપત્તિથી સમૃધ્ધ એવા આદિવાસી વિસ્તારોમાં સિંચાઈ, ઉર્જા કે ઔદ્યોગિક એકમો સ્થાપવામાં આવે છે. પરંતુ વ્યવસાયિક તાલીમના અભાવે તેઓ તેમાં રોજગારી મેળવી શક્તા નથી. ઉપરાંત આદિજાતિઓના કલ્યાણ માટે શિક્ષણનો સ્વીકાર કરી.

3.2 સ્વતંત્રતા પછી સ્ત્રીઓના પ્રાથમિક શિક્ષણમાં નોંધપાત્ર વધારો થયો છે. પરંતુ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક તથા કોલેજ શિક્ષણમાં વધારો જોવા નથી મળતો. તેવી જ રીતે ગ્રામિણ આદિવાસી સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ માટે ઉદાસીનતા સેવે છે. તેની પાછળ સમાજની રૂઢિચુસ્તતા પરંપરાવાદીપણું, સંકુચિત માનસ વગેરે ગણાવી શકાય.

3.3 શાળાનું શિક્ષણ પૂરૂ થાય તે પહેલાં અધવચ્ચેથી શિક્ષણ છોડી દેવાનું પ્રમાણ આદિવાસી છોકરીઓમાં વધુ જોવા મળે છે. મા-બાપ બન્ને કમાણી કરવા જતા હોય છે. ત્યારે નાના ભાઈ-બહેનોની સાચવણી માટે છોકરીઓની જરૂર પડે છે. તેને ભણવા મોકલતા નથી. અને અધવચ્ચેથી ઉઠાડી લે છે. ગ્રામીણ આદિવાસી વિસ્તારમાં શાળાના ચોપડા પર જે છોકરીઓના નામ હોય છે. તેમાંથી મોટાભાગની છોકરીઓ આવતી નથી અથવા ગેરહાજર રહે છે. ખેતીની સીઝનમાં ખેતમજૂરીએ જતી હોય છે. તેથી અભ્યાસ પડતો મૂકી દે છે. જે આદિવાસી સમુદાયોમાં નિરક્ષરતા વધારે છે ત્યાં આદિવાસી છોકરીઓમાં અધવચ્ચે અભ્યાસ છોડી દેવાનું પ્રમાણ વધારે જોવા મળે છે.

3.4 ઘરની નબળી આર્થિક સ્થિતિને કારણે ઘણી આદિવાસી છોકરીઓ મજૂરીના કામમાં જોતરાય છે, જેથી અભ્યાસ માટે સમય મળતો નથી. ગરીબીને કારણે શાળાનો ગણવેશ, પુસ્તકો અને જરૂરી શૈક્ષણિક સાધનોનો અભાવ હોય છે. તેને કારણે અભ્યાસ કરવા નથી જતી. ગ્રામીણ વિસ્તારમાં ખેતી મુખ્ય વ્યવસાય હોય છે. તેની સાથે પશુપાલન મજૂરી પણ કરે છે. આ કામમાં છોકરીઓ ઘણે ભાગે જોતરાતી હોય છે. ઢોરને ખોરાક નાંખવો, દોહવાનું, પાણી પીવડાવવાનું, ઘાસચારો લેવા જવાનું, છાણવાસીદું કરવાનું, ડેરીમાં દૂધ આપવા

જવાનું વગેરે કામ છોકરીઓને ભાગે આવતા હોય છે. સતત કામ અને સમયના અભાવે લઈને છોકરીઓ નિયમિત શાળામાં હાજર રહી શકતી નથી. લેશન કરવાનો સમય નથી મળતો. આ બધા કારણોસર છોકરીઓ અભ્યાસ છોડી દે છે.

3.5 છોકરા- છોકરી વચ્ચેના ભેદભાવને કારણે આદિવાસી લોકો છોકરીઓને ભણાવતા નથી. મોટાભાગના મા-બાપ દિકરાને વંશવારસ જાળવનાર તરીકે ગણના કરે છે. દિકરી કરતાં દિકરાનું આર્થિક મૂલ્ય ઉંચુ આંકે છે. આવી ખોટી માન્યતાને લીધે છોકરીઓને ભણાવતા નથી. આ ઉપરાંત કેટલાક ખોટા ખ્યાલોથી દોરવાઈ જઈને છોકરીઓને ભણવતા નથી. સ્ત્રી શિક્ષણ તરફ ઉદાસીનતા, સમાજના અંકુશો, માન્યતાઓ, સામાજિક નિષેધોને કારણે અંકુશો આવી જાય છે. પુરૂષ શિક્ષણ જેટલો સ્ત્રી શીક્ષણનો સ્વીકાર નથી થતો. તેથી સ્ત્રી શિક્ષણ ઓછું જણાય છે. ઘણા આદિવાસી લોકો ખેતી સિવાયની સિઝનમાં રોજીરોટી અર્થે પરિવાર સહિત સ્થળાંતર કરતા હોય છે. આને કારણે છોકરીઓને ભાગે ઘર સાચવવાનું આવતું હોય છે, તેથી અભ્યાસ પુરો કરી શક્તી નથી, એટલે અભ્યાસ છોડી દે છે. આમ આવા અનેક પરિબળો સ્ત્રી શિક્ષણની પ્રગતિમાં બાધક નીવડે છે.

4. આદિવાસીમાં મહિલા શિક્ષણ અલ્પ હોવા માટે જવાબદાર પરિબળો

સ્ત્રી શિક્ષણ ઓછું હોવાનાં કારણો નીચે મુજબ છે.

1. આર્થિક જરૂરિયાતોને કારણે છોકરીઓને ઘરકામમાં રોકી રાખે છે.
2. અભ્યાસમાં રસ ન હોવાથી શાળા છોડી દે છે.
3. વધુ અભ્યાસ લગ્ન બજારમાં મુશ્કેલી ઉભી કરે છે. યોગ્ય જીવનસાથી શોધવામાં મુશ્કેલી ઉભી કરે છે.
4. છોકરીના શિક્ષણનું વળતર મા-બાપને મળતું નથી.
5. ઘરકામ અને નાના ભાઈ-બહેનોને સાચવવા માટે છોકરીઓની જરૂર હોય છે. તેથી તેને ભણવા મોકલતા નથી. શિક્ષણ માટેનો સમય મળતો નથી.
6. છોકરીઓના શિક્ષણનું મહત્વ મા-બાપ સમજી શક્તા નથી.
7. મા-બાપનું સંકુચિત માનસ, પરંપરા, રૂઢિચુસ્તતા વગેરેને કારણે છોકરીઓના શિક્ષણ તરફ ઉપેક્ષાવૃત્તિ સેવવામાં આવે છે.
8. કેટલાક ખોટા ખ્યાલો ઘર કરી ગયા હોય છે કે છોકરીઓ ભણવા જાય તો બગડી જાય તેથી વાલીઓ કન્યાને શિક્ષણ આપવાની ના પાડે છે.
9. આંતરિયાળ વિસ્તારમાં શિક્ષણની સુવિધા ઉપલબ્ધ નથી હોતી. તેથી છોકરીઓ શિક્ષણથી વંચિત રહી જાય છે. વાલીઓ છોકરીઓને દૂર ભણવા નથી મોકલતાં.
10. શિક્ષણમાં નિષ્ફળતા મળવાને કારણે અભ્યાસ છોડી દે છે.
11. ગરીબીને કારણે છોકરીઓના શિક્ષણ પાછળ કરવામાં આવતો ખર્ચ પરવડતો નથી.
12. ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં નિરક્ષર મા-બાપો કન્યા શિક્ષણની જરૂરિયાતનો અસ્વીકાર કરે છે.
13. લઘુતાગ્રંથી, આત્મવિશ્વાસનો અભાવ, સમાજનાં નીતિ નિયમો, ભેદભાવ, અન્યાય, સમાજ વ્યવસ્થા વગેરેને શિક્ષણ માટેના જવાબદાર પરિબળો ગણાવી શકાય.
14. સ્ત્રી શિક્ષણના હક્ક પ્રત્યે જાગૃતિનો અભાવ

આમ, આવા અનેક કારણો અલ્પ સ્ત્રી શિક્ષણ માટે જવાબદાર ગણી શકાય.

આવા અનેકવિધ પ્રયત્નો કરવામાં આવે તથા આદિવાસી સ્ત્રીઓ તમામ સ્તરે સમાન તક અને સમાન અધિકાર મેળવી શકે તો તેમના સ્ત્રી શિક્ષણનો આંક ઉંચો આવી શકે એની સાથે સ્વાવલંબન, સ્વાશ્રય દ્વારા ભેદભાવ દૂર કરવાની જરૂર છે.

5. શૈક્ષણિક વિકાસ માટેનાં જવાબદાર પરિબળો

આદિવાસી સ્ત્રીઓમાં નિરક્ષરતાનું પ્રમાણ વ્યાપક છે. છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે 80 ટકા આદિવાસી સ્ત્રીઓ હજુ નિરક્ષર છે. નિરક્ષર સ્ત્રીઓ પોતાના અધિકારો પ્રત્યે જાગૃત નથી હોતી અને પરાવલંબી જીવન જીવે છે. આથી આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનો વ્યાપ વધે એવા પ્રયાસો પર ભાર મૂકવાની ખાસ જરૂર છે. કન્યા કેળવણીનું કાર્ય તથા કન્યાશાળા શરૂ કરવાનું શ્રેય મિશનરીઓને ફાળે જાય છે. તેનુ આયોજન અને વ્યવસ્થાનું પાયાનું પરદેશીઓ અને સમાજ સુધારકોએ કર્યું છે. જે ખરેખર નોંધપાત્ર ઘટના છે. આદિવાસી વિસ્તારમાં આજે પણ સ્ત્રી શિક્ષણ પછાત પરિસ્થિતિ ધરાવે છે તેનો વિકાસ કરવાની તાતી જરૂરિયાત છે. આદિવાસી સ્ત્રીઓમાં શૈક્ષણિક વિકાસ થાય તે માટેની નીચેની બાબતોને ધ્યાનમાં લેવાની જરૂર છે.

1. ગ્રામીણ અને આદિવાસી વિસ્તારમાં સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમ, રાષ્ટ્રિય ગ્રામ વિકાસ કાર્યક્રમો, સ્વરોજગાર માટે તાલીમ જેવા કાર્યક્રમો સ્ત્રીશિક્ષણ સાથે જોડવાની જરૂર છે.
2. આદિવાસી સ્ત્રીઓ શિક્ષણ મેળવીને આગળ આવે તે માટે પત્રાચાર દ્વારા શિક્ષણ આપવાની જરૂર છે.
3. સ્ત્રીઓના શૈક્ષણિક કાર્યક્રમોનું ઘડતર શિક્ષિત અને તાલીમ પામેલ સ્ત્રીઓ દ્વારા થવું જોઈએ.
4. પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવું જોઈએ તેની સાથે વ્યવસાયલક્ષી શિક્ષણની તાલીમ આપવી જોઈએ.
5. આદિવાસી સ્ત્રીઓ ગમે તે વયે શિક્ષણ પ્રાપ્તિ કરે શકે તે બાબત પર ભાર મૂકવામાં આવે તો ઘણી સ્ત્રીઓ શિક્ષણ પ્રાપ્ત કરે શકે.
6. આદિવાસી સ્ત્રીઓ શીખેલું ભૂલી ન જાય અને અધ વચ્ચે અભ્યાસ છોડી ન દે તેને માટેના પ્રયાસો તાત્કાલીક હાથ ધરવા જોઈએ.
7. આદિવાસી સ્ત્રીઓનું શિક્ષણ ધ્યેયનિષ્ઠ બને તે માટે અમુક કક્ષાની સિધ્ધિ મેળવે એ બાબત પર ખાસ ધ્યાન આપવું જોઇએ.
8. આદિવાસી સ્ત્રીઓની સક્રિય ભાગીદારીથી આદિવાસી સમાજ સામાન્ય પાયાની એ કેળવણી પ્રાપ્ત કરી શકે તેવી યોજનાનું ઘડતર કરવું જોઈએ.
9. ગ્રામિણ અને આદિવાસી વિસ્તારમાં કામ કરતા શિક્ષકો માટે રહેઠાણની વ્યવસ્થા પૂરી પાડવી જોઈએ. આ શિક્ષકો ગામમાં જ રહે અને નિયમિત શાળામાં હાજરી આપે તેવો પ્રબંધ કરવાની જરૂર છે.
10. જે શિક્ષકો અને શિક્ષિકાઓ ખરેખર આદિવાસી વિસ્તારમાં રહીને કામ કરવા ઈચ્છતા હોય તેમની સેવાઓને પ્રાધાન્ય આપવું જોઈએ. આવા પ્રયત્નમાં મહિલા મંડળો, સામાજિક કાર્યકરો, લોક સેવકોની સેવાઓના નોંધપાત્ર પ્રદાનને સ્વીકાર ગણવું જોઈએ.
11. વૈવિધ્યપૂર્વક વ્યાવસાયિક અભ્યાસક્રમો નિયત સમયાંતર માટે ઘડી કાઢવા જોઈએ. તેમાં પણ સ્ત્રીઓને સ્થાન આપવું જોઈએ.

6. સૂચનો

1. ગ્રામિણ અને આદિવાસી વિસ્તારની કન્યાઓ માટે અવૈધિક શિક્ષણની જોગવાઈ કરવામાં આવે તો તેઓ શિક્ષણનો લાભ ચોક્કસ મેળવી શકે.
2. પ્રૌઢ શિક્ષણ અને અનુસાક્ષરતા કાર્યક્રમો ઘનિષ્ઠ બનાવવા જોઈએ.
3. આદિવાસી વિસ્તારમાં શિક્ષણનો વ્યાપક ફેલાવો થાય તેવા સક્રિય પ્રયાસો હાથ ધરવા જોઈએ. તેથી આદિવાસી સમુદાયો શિક્ષણનું મૂલ્ય સમજે અને પોતાની કન્યાઓને શિક્ષણ લેવા માટે પ્રોત્સાહિત કરે.
4. મુક્ત શાળાની જોગવાઈ આદિવાસી વિસ્તારમાં કરવાની તાતી જરૂર છે. તેમાં કન્યાઓને સહેલાઈથી પ્રવેશ આપવો જોઈએ. જેથી આદિવાસી છોકરીઓ ઘરે રહીને અભ્યાસ કરે કરી શકે.
5. કામ કરતી આદિવાસી સ્ત્રી શિક્ષણ મેળવી શકે તે માટે રાત્રિ શાળાનું આયોજન કરવું જોઈએ.
6. આદિવાસી વિસ્તારની સ્થાનિક જરૂરિયાતો ધ્યાનમાં રાખીને શાળાનો સમય રાખવો જોઈએ. જેથી આદિવાસી કન્યાઓ કેળવણી મેળવી શકે.
7. સ્વાયત્ત અને સ્વૈચ્છિક સંસ્થાઓને આદિવાસી કન્યાઓને દત્તક લેવા પ્રોત્સાહિત કરવાની જરૂર છે.
8. સ્થાનિક નેતાઓ, સામાજિક કાર્યકરો, ગામના મંડળો રસ લઈને આદિવાસી છોકરીઓને શિક્ષણાભિમુખ બનાવે તેવા પ્રયાસો કરવાની જરૂર છે.
9. જરૂરિયાત હોય ત્યાં કન્યાશાળાઓ સ્થાપવા માટે ઉત્તેજન આપવું જોઈએ.
10. શાળામાં જરૂરી તમામ ભૌતિક સગવડો થાય તે માટેના પ્રયત્નો કરવા જોઈએ જેથી કન્યાઓ શિક્ષણ લેવા પ્રેરાય.

7. સારાંશ

આદિવાસી સ્ત્રીઓ સમાજનિર્માણના કાર્યમાં મહત્વનો ફાળો આપતી હોય છે. ઘરના રોજબરોજના કાર્યને ગણતરીમાં લીધા સિવાય કુટુંબની ઘણી જવાબદારીઓ નિભાવતી હોય છે. કુટુંબના આર્થિક નિર્વાહમાં પણ ફાળો આપતી હોય છે. તેની ગણતરી કરવાની જરૂર છે. તેની સાથે સ્ત્રીને શિક્ષણ લેતી કરવાની ખાસ જરૂર છે. તેઓનો શૈક્ષણિક વિકાસ થાય તેને માટે સક્રિય પ્રયાસો હાથ ધરવાની જરૂર છે. આદિવાસી સ્ત્રીઓ શિક્ષણ લેતી થશે તો નવીન વિચારસરણી અને નવા સુધારાઓને સમજીને અપનાવશે. આદિવાસી સમાજના રીત રિવાજો અને પરંપરા અજ્ઞાનતાને અટકાવશે એટલું જ નહી તેઓ સ્વતંત્ર રીતે વિચારતી થશે અને વ્યક્તિત્વને ખીલવશે.

સંદર્ભ


1. દવે, એચ. (1999). “આદિવાસી મહિલાઓ અને વિકાસ”. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
2. મકવાણા, આર. એચ. (2006). “મહિલા અને માનવ અધિકાર”. અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.
3. મકવાણા, આર. એચ. “સામાજિક કલ્યાણ અને સામાજિક કાયદાઓ”. પ્રકાશન: ક્રિએટીવ, એમ. જી. રોડ, વેરાવળ.
4. વાઘેલા,એ. (2009). “પંચમહાલ આદિવાસીની વિકાસયાત્રા”. પ્રકાશક. પ્રથમ આવૃત્તિ.
5. Shshli, S.S. (1978). The Tribal Women of India”. Sandeep Prakaashan Delhi.